**અમદાવાદ (ગ્રામ્ય) ના સાતમાં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. ૬૭૭/૨૦૨૦

આંક:–.......૫..................

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : કૃણાલ દામોદર મણીયાર

**ગુનો: ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબ**

**ચુકાદો**

૧. સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામનો આરોપી પોતાના કબ્જા ભોગવટાનુ વાહન જાહેરમાં પબ્લીકને અડચણ થાય તે રીતે ઉભુ રાખી પકડાઇ જઇ ગુન્હો કરેલ છે.

૨. જે અંગેની ફરીયાદ ...વસ્ત્રાપુર..... પો.સ્ટે. નોંધી જરૂરી તપાસ કરી આરોપીને અટક કરેલો અને આરોપી સામે ગુન્હો બન્યાનુ જણાતા આ અદાલત સમક્ષ ઈન્સાફી કાર્યવાહી સારૂ ચાર્જશીટ રજુ કરેલ છે.

૩. આરોપી આજરોજ મારી સમક્ષ હાજર થતા પ્રથમ તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે આપવામાં આવ્યા બાદ કેસના કાગળો વંચાણે લઇ ગુન્હા સંબંધી આરોપીનુ આંક ..3.. થી નિવેદન લેતા આરોપીએ ગુન્હાનો ઈકરાર કરેલો છે. આમ આરોપી પોતાની રાજીખુશી અને સ્વૈચ્છીકપણેપોતાનો ગુન્હો કબુલ મંજુર કરતા હોઇ હું આરોપીની ગુન્હા કબુલાત સ્વીકારૂ છુ. અને આરોપીને ગુન્હેગાર ઠરાવુ છુ.

૪. વળી આરોપીએ આંક....4.. થી ગુન્હા કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ તેમનો ગુન્હો કબુલકરે છે. તે ગરીબ માણસ છે. તેમના કુટુંબમાં તે એક માત્ર કમાનાર વ્યકિત છે. જેથી તેની ઉપર દયા રાખવા અરજ ગુજારેલ છે.

૫. આમ આરોપી સામેનો ગુન્હો લક્ષમાં લેતા તથા આરોપીએ રજુ કરેલી દયાની અરજને લક્ષમાં લેતા આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. અને તેના કુટુંબમાં તે એક માત્ર કમાનાર માણસ છે. તેવા સંજોગોમાં તેમણે દયાની અરજ ગુજારેલ છે. તેથી આરોપીને સજા નહી કરતા કોર્ટ ઉઠતા સુધીની સજા અંગે દંડ કરવાનુ યોગ્ય માનુ છુ. તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**હુકમ**

સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ મુજબ તેમની સામેના ઇ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુન્હા માટે ગુન્હેગાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને દંડ રૂપીયા ........**૨૦૦**..../-નો દંડ, અને દંડ ન ભરે તો વધુ દિન-૨ની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૦૬ મી માહે એપ્રિલ,સને ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

તારીખ:૦૬/૪/૨૦૨૧
અમદાવાદ (ગ્રામ્ય)

(પૃથુ શર્મા)
સાતમાં એડી.સીવીલ જજ
અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર